ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બકર/૧૮૭૯/૯૦૭૯/છ.
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૫-૨-૭૯.

ઠ રા વ :-

બક્ષી પંચે સુચવેલ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના સભ્યોની કલા અને સંસ્કૃતિક કાર્યક્રમ તા.૨૫-૧-૭૯ના રોજ અમદાવાદ પોલીસ સ્ટેડીયમ પર યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં ભાગ લેનાર આ વર્ગના જ્ઞાતિ (વર્ગ) જુથના કલાકાર ભાઈબહેનોને તા.૨૪-૧-૭૯ થી તા.૨૬-૧-૭૯ સુધી એમ ત્રણ દિવસો માટે રહેવાની વ્યવસ્થા, પથિકાશ્રમ, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ. આ કલાકાર ભાઈબહેનોને પથિકાશ્રમમાં જમવા માટેનો તથા રહેવા માટેનો ચાર્જ ખાસ કિસ્સા તરીકે સરકારી કર્મચારીઓ માટે નક્કી કરેલા દરે લેવાનું નક્કી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૨. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર "૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ-ચ-બીજી સામાજિક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ -(ક)- બીજા કાર્યક્રમો (૨) એસસીડબલ્યુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે આરોગ્ય ગૃહ નિર્માણ અને બીજી યોજના માટે નાણાકીય સહાય" ખાતે ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવો.

૩. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર જાહેર બાંધકામ વિભાગના અધિક નાણાકીય સલાહકારશ્રીની તા.૨૩-૧-૭૯ અને ખાસ સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રી જાહેર બાંધકામ વિભાગ (સિંચાઈ યોજનાઓ)ની તા.૨૪-૧-૭૯ની સંમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.ડી.ઠાકર)
ઉપસચિવ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, સમાજ કલ્યાણ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
અધિક્ષક ઈજનેરશ્રી પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર,
મહાલેખાધિકારીશ્રી. ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

ભ-શાખા, મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ, ગાંધીનગર,
મેનેજર, પથિકાશ્રમ, ગાંધીનગર,
ન-૧ શાખા, જાહેર બાંધકામ વિભાગ,
ઝ-શાખા, જાહેર બાંધકામ વિભાગ.